હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, આ પુછે છે કે ત્રણ વખત લાઇનમાં ઊભા રહી કોરોનાની વેક્સીન લીધી...હવે કોરોનાન થાય એ સીવાય કોઇ બીજો વેક્સીનનો ફાયદો ખરો...!!

આજની આઇપીએલ ફાઇનલ માટે ગાંધીનગરના ક્રિકેટ રસિયાઓમાં ભારે રોમાંચ

ગાંધીનગરના અંદાજે ત્રણેક હજાર પ્રેક્ષકો સ્ટેડિયમમાં મેચ નિહાળવા જશે : ટિકિટ માટે છેલ્લી ઘડી સુધીના પ્રયાસો : અનેક ઠેકાણે મિત્રો સાથે મળીને મોટા સ્ક્રિન પર ફાઇનલનો આનંદ માણશે : સટ્ટા બજાર પણ તેજીમાં

ગાંધીનગર, તા.૨૮

રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં આઈપીએલ-૨૦૨૨ની ફાઇનલ મેચ ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સની ટીમ વચ્ચે યોજાશે જેને અનુલક્ષીને ગાંધીનગરના ક્રિકેટ ચાહકોમાં પણ ભારે ઉત્સાહ અને રોમાંચનો માહોલ જોવા મળી રહ્યો છે. એક અંદાજ મુજબ આ મેચને સ્ટેડિયમમાં પ્રત્યક્ષ નિહાળવા ગાંધીનગરના અંદાજે ત્રણેક હજાર પ્રેક્ષકોએ તૈયારીઓ કરી દીધી છે અને જે પ્રેક્ષકોને હજુ સુધી મેચની ટિકિટ નથી મળી તેઓ છેલ્લી ઘડી સુધીના પ્રયાસો કરશે. આ ઉપરાંત શહેરમાં અનેક ઠેકાણે ખાનગી કંપનીઓના કર્મચારીઓ અથવા એકબીજાના જાણીતા મિત્ર ગૃપમાં મિત્રો સાથે મળીને મોટા સ્ક્રિન પર કે ભોજન કે ચા-નાસ્તા, પાણીની વ્યવસ્થા સાથે અથવા એકાદ મિત્રના ઘરે એકઠાં થઈને મેચનો આનંદ માણવાની તૈયારીઓ કરવામાં આવી છે. શહેરમાં આઈપીએલમાં કોણ જીતશે તે સહિત વિવિધ મુદ્દે સટ્ટા બજાર પણ તેજીમાં જોવા મળી રહ્યું છે. સાંજ પડતાં જ ક્રિકેટ રસિયાઓ પોતાના ટીવી સામે ગોઠવાઈ જશે.

ગાંધીનગર સહિત દેશભરના ક્રિકેટપ્રેમીઓને ઘેલું લગાડનાર આઈપીએલ-૨૦૨૨ની ફાઇનલ મેચ રવિવારે સાંજે ૭.૩૦ વાગ્યાથી યોજાશે. મુકાબલાનો પ્રારંભ થાય તે પહેલાં યોજાનારા આઈપીએલ-૨૦૨૨ના સમાપન સમારોહમાં સંગીતકાર એ.આર.રહેમાન અને ફિલ્મસ્ટાર રણવીરસિંહ ઉપસ્થિત રહેવાના છે જેને અનુલક્ષીને પણ શહેરના ક્રિકેટ ચાહકોમાં ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાનારી ફાઇનલ મેચ પ્રત્યક્ષ નિહાળવા સૌ કોઇ તલપાપડ બન્યાં છે પરંતુ ઓનલાઇન મળતી ફાઇનલ મેચની તમામ ટિકિટો બુક થઇ ગઇ હોવાથી ટિકિટથી વંચિત રહી ગયેલા ગાંધીનગરના ક્રિકેટ ચાહકોમાં નિરાશા જોવા મળી છે. ગુજરાતી ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાના નેટવર્ક હેઠળ આઇપીએલમાં પહેલીવાર રમી રહેલી ગુજરાત ટાઇટન્સ ટીમે ધમાકેદાર પરફોર્મન્સ સાથે ગુજરાતી ક્રિકેટ રસિકોઓમાં સ્વાભાવિક રીતે જ ભારે ઉત્સાહનો માહોલ સર્જ્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે જેમાં હવે બીસીસીઆઈ તરફથી દર્શકોની ક્ષમતાને બાબતે જે પ્રતિબંધ લગાવાયાં હતા તેને હટાવી દેવામાં આવ્યા છે જેના કારણે એક લાખ ક્રિકેટ પ્રશંસકો સ્ટેડિયમમાં મેચનો આનંદ માણવા પહોંચશે. આઇપીએલના ઓફિશિયલ ટિકિટ પાર્ટનર બુક માય શો પર ફાઇનલ મેચની તમામ ટિકિટો વેચાઇ ગઇ છે તેમ છતાં ક્રિકેટ ચાહકોમાં મેચની ટિકિટ મેળવવા આકાશ પાતાળ એક કરવામાં આવી રહ્યાં છે. જોકે ઘણાં બધા ક્રિકેટ રસિયાઓએ ગૃપ બુકિંગ કરાવીને સાથે ફાઇનલ મેચનો આનંદ ઉઠાવવાનું અગાઉથી જ જોરદાર પ્લાનિંગ કરી લીધું છે.

ખૂણેખાંચરેથી

● મહાત્મા મંદિર અને રાજભવન ખાતે આજે પ્રધાનમંત્રીની ગાંધીનગર મુલાકાતને પગલે એન્ટીજન ટેસ્ટ માટેની બે ખાસ ટીમોને સ્ટેન્ડ બાય રાખવામાં આવી હતી.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય અને શહેરમાં મેલેરિયા અને ડેન્ગ્યુના છુટા છવાયા કેસો મળી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં ફીવરના કેસોની સંખ્યા વધી રહી હોવાનું સઘન સર્વેલન્સમાં જણાયું છે.

● ગાંધીનગર શહેરમાં આઈપીએલની ફાયનલ મેચને લઈ ક્રિકેટ રસિયાઓનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો છે. આજે રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે આ મેચ છે.

● મેંગો ફેસ્ટીવલમાં ગુજરાતના સ્થાનિકો ઉત્પાદકો જ છવાયેલા રહ્યા છે.

● ગાંધીનગર તાલુકાના સરઢવના આયુષના સબસેન્ટરમાં ''કિશોરી જાગૃત્તિ'' અભિયાન અંતર્ગત કિશોરી બેઠકનું આયોજન કરાયું હતું.

● ૨૮ મે એ વર્લ્ડ ન્યુટ્રીશ્યન ડે હતો.

● કલોલના નારદીપુર ખાતે નવનિર્માણ પામી રહેલ રામજી મંદિરનો શિલાન્યાસ સમારોહ ત્રિદિવસીય યોજવાની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે.

● દહેગામ તાલુકાના રખિયાલ ગામે હોમગાર્ડ યુનિટ દ્વારા યોગાસન શિબિરનું આયોજન કરાયુ હતુ.

● શેરથા ખાતે શનિદેવના સ્થાનક પર ૩૦મીએ મૌન સાધનાનું આયોજન કરાયુ છે.

મહુન્દ્રા ગામે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

૨૭૦ લાભાર્થીઓએ કેમ્પનો લાભ લીધો

ચિલોડા, તા. ૨૮

નેત્રદાન મહાદાન સુત્રને સાર્થક કરવા ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે ગ્રામ પંચાયત અને શ્રી હરી આઈ એન્ડ હેલ્થકેર આસ્થા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં મહુન્દ્રા ગામ પંચાયતના સરપંચ શ્રીમતી કૈલાશબા નરેન્દ્રસિંહ સોલંકી તેમજ તાલુકા સદસ્ય (કારોબારી ચેરમેન) શ્રીમતી વનીતાબેન જીતેન્દ્રસિંહ સોલંકીના સહયોગી ઉપસ્થિતિમાં કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં માથાનો દુઃખાવો, વેલ, નાસુર પરવાળા-ત્રાસી આંખની વિનામુલ્યે ઓપ્ટીશીયન દ્વારા તપાસ કરવામાં આવી હતી. આંખના નંબર જેવા રોગોની તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં સરપંચ તથા કારોબારી સભ્યો દ્વારા સુવ્યવસ્થાને પ્રચાર દ્વારા ૨૭૦ લાભાર્થીઓ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પના સફળ આયોજન બદલ સંસ્થાએ સૌનો આભાર માન્યો હતો.

ભાઈજીપુરા પાસે અજાણી કારની ટક્કરે શહેરના ૧૯ વર્ષિય યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર કોબા માર્ગ પર ભાઈજી પુરા પાટીયા પાસે મોડીરાત્રે હીટ એન્ડ રનની ઘટના સામે આવી છે. જેમાં સફેદ કલરની અજાણી કારના ચાલકે ભાઈજીપુરા પાટીયા પાસે ઉભા રહેલા ૧૯ વર્ષિય યુવકને ટકકર મારી હતી. કારની અડફેટે શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા યુવકનું મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૪ પીળાપટ્ટા ખાતે રહેતો ૧૯ વર્ષિય વેદાંત ધર્મેન્દ્રકુમાર રાવલ રાયસણ ખાતે આવેલી જે.એમ.ડી. કોલેજમાં નર્સિંગમાં અભ્યાસ કરે છે. ત્યારે કોલેજના વિદ્યાર્થીઓના ગ્રુપ દ્વારા અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં આઈપીએલની ફાઈનલ મેચ સમયે રંગારંગ કાર્યક્રમ કરવાના હોવાથી કાલે યુવાનો કોલેજની ટીમ સાથે ગયો હતો. રીહર્સલ પૂર્ણ કરી વેદાંત તેના મિત્રો સાથે મોડીરાતે પરત ફર્યો હતો. ભાઈજીપુરા પાટીયા પાસે રાત્રીના એક વાગ્યા અરસામાં પ્રવિણ ચૌધરી અને વેદાંત રાવલ અને અન્ય મિત્ર સાથે રોડ સાઈડ બાંકડા પર બેઠા હતા. તે સમયે કોબા તરફથી પુરઝડપે સફેદ કલરની કાર ત્યાં આવી પહોંચી હતી અને વેદાંતને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ત્રણેય મિત્રો ફંગોળાઈ ગયા હતા. વેદાંતના બે મિત્રો બાંકડા નીચે દબાઈ ગયા હતા.જયારે વેદાંત કારની ટક્કરે રોડ સાઈડ પર પટકાતા બેભાન થઈ ગયો હતો. જયારે કાર ચાલક અકસ્માત બાદ નાસી ગયો હતો. રાત્રીના સમયે અકસ્માત સર્જાતા મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે ઈજાગ્રસ્તનો ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. જયાં સારવાર દરમિયાન શનિવારના રોજ સવારે ગંભીર રીતે ઘાયલ થયેલા વેદાંતનું મૃત્યુ નિપજયુ ંહતું. ઈન્ફોસીટી પોલીસે વેદાંતના મિત્રની ફરીયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે સફેદ કાર અને તેના ચાલકને પકડી પાડવા માટે પોલીસ વિભાગે કવાયત શરુ કરી છે.

નરોડા-ચિલોડા રોડ પર પાલજ ઓવરબ્રિજ પર કેન્ટેનર બળીને ખાક

તાજેતરમાં નરોડા થી ચિલોડા તરફ આવી રહેલા એન.એલ.૦૧.એ.ઈ.-૦૦૮૫ નંબરના કન્ટેનરમાં પાલજ પાટીયા ઓવરબ્રિજ પર અચાનક આગ ભભુકી ઉઠી હતી. આ આગમાં ટ્રકનું કેબીન તેમજ મશીન બળીને ખાક થઈ ગયું હતું. જયારે આગને પગલે થોડીવાર માટે હાઈ વે પરનો ટ્રાફિક જામ થઈ ગયો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું રાજભવન ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરતા રાજ્યપાલશ્રી



ગાંધીનગર, તા. ૨૮

દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રાઈ મોદી ગુજરાતના એક દિવસના પ્રવાસ દરમિયાન રાજભવન ગાંધીનગર ખાતે આવી પહોંચતા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યુ હતુ.

મહાત્મા મંદિર સહકાર સંમેલનમાં સેકટરો બન્યા પાર્કિંગ પેલેસ

ગાંધીનગર, તા.૨૮

શહેરના મહાત્મા મંદિર ખાતે સહકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે તંત્ર દ્વારા આમંત્રિત મહેમાનો માટે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમ છતા મહાત્મા મંદિરની આસપાસ આવેલા સેકટરના આંતરીક માર્ગો પર ગાડીઓના ખડકલા જોવા મળી રહ્યા હતા. આજે સવારથી સેકટરો પાર્કિંગ પેલેસ બની ગયા હોય તેવુ લાગી રહ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના મહાત્મા મંદિર ખાતે આજે બપોરના સમયે સહકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે મહાત્મા મંદિર ખાતે પીએમના આગમનને પગલે સવારથી લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. સંમેલનના ભાગ લેવા માટે આવનાર દરેક આમંત્રિત મહેમાનને કલરકોડ પ્રમાણે પાર્કિંગની વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી હતી.તેમ છતા મહાત્મા મંદિરની આસપાસના સેકટરોમાં ગાડીઓના ખડકલા જોવા મળ્યા હતા. સેકટર-૧૩,૧૪,૧૫ ફતેપુરા અને સેકટર-૧૬ના આંતરીક માર્ગો પર ગાડીઓ ગોઠવાઈ જતા પાર્કિંગ પેલેસ બની ગયા હતા. જયારે મહાત્મા મંદિર ખાતે આયોજીત કાર્યક્રમમાં રાજયભરમાંથી મોટીસંખ્યામાં ઉમટી પડતા નાગરીકો જ્યાં પાર્કિંગ મળે ત્યાં નજીકમાં ગાડીઓ પાર્ક કરી દેતા હોય છે. જેથી કેટલાક સમયે ગાડીઓ નીકળી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અન્ય નાગરીકોને હેરાન પરેશાન થવુ પડ્યું છે.

શહેરમાં વૃક્ષોનું ટ્રીમિંગ અને બંધ સ્ટ્રીટ લાઇટો રિપેર કરવી જરૂરી

ચોમાસું બેસે તે પહેલાં યોગ્ય રીતે પ્રિ-મોનસુન કામગીરી કરાય તેવી શહેરીજનોને અપેક્ષા

ગાંધીનગર, તા.૨૮

આગામી જુન માસમાં ચોમાસું બેસી જશે તેવી હવામાન નિષ્ણાંતોની ધારણાં છે તે જોતાં શહેરમાં હવે આકરી ગરમીથી અકળાવનારો ઉનાળો ગણતરીના દિવસોમાં પુરો થઈ જશે જેનાથી નાગરિકોને રાહતનો અનુભવ થશે. જોકે બીજી તરફ શહેરમાં પ્રિ-મોન્સુન પ્લાનિંગને અનુલક્ષીને નબળી કામગીરી થઈ રહી હોવાનું અનુભવાઈ રહ્યું છે. શહેરના સેક્ટરોમાં વૃક્ષોની વધી ગયેલી નડતરરૂપ અને જોખમી ડાળીઓનું પદ્ધતિસર ટ્રિમિંગ થવું જરૂરી જણાઈ રહ્યું છે. શહેરમાં ઘણાં સેક્ટરમાં ફરિયાદ છે કે સેક્ટરના બહારના મુખ્ય માર્ગો પર વૃક્ષોનું ટ્રિમિંગ ફક્ત રોડ તરફ કરવામાં આવે છે પરંતુ વસાહતીના મકાન તરફ અંદરનું ટ્રીમિંગ કરાતું ન હોવાથી વસાહતીઓને અસંખ્ય કચરાં સાથે વૃક્ષની ડાળીઓ ઘર સુધી આવી જવાની સમસ્યા સતાવી રહી છે.

શહેરમાં ઠેર ઠેર વૃક્ષોની વધી ગયેલી વૃક્ષોની ડાળીઓનું યોગ્ય અને સમયસર ટ્રિમિંગ થાય તે જરૂરી હોવા સાથે વરસાદી ઋતુ શરૂ થઈ જાય તે પહેલાં સેક્ટરના આંતરિક માર્ગો પર અનેક ઠેકાણે બંધ પડેલી સ્ટ્રીટ લાઈટોને પણ ઝડપથી રીપેર કરવી જરૂરી જણાય છે. હજુ સુધી શહેરમાં પ્રિ-મોન્સુન પ્લાનિંગને અનુલક્ષીને જે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે તેમાં નબળી કામગીરી થઈ રહી હોવાનું શહેરના અનેક નાગરિકોને અનુભવાઈ રહ્યું છે. ચોમાસની વરસાદી ઋતુમાં મોડી સાંજે કે રાત્રે પોતાની નોકરી-ધંધા પરથી થાક્યાં પાક્યાં ઘર તરફ આવતાં નોકરિયાતો કે વ્યસાયિકો ઉપરાંત મહિલાઓ કે વિદ્યાર્થીઓને પણ બંધ સ્ટ્રીટ લાઈટોને કારણે ભારે પરેશાનીનો માહોલ સહન કરવો પડે છે અને અંધકારની સ્થિતિમાં અસમાજિક તત્વોને ચેઇન સ્નેચિંગ, નશાખોરી કે ચોરી-ચકારી વગેરે માટે જાણે ખુલ્લું મેદાન મળી જાય છે. હું અનેક વૃક્ષોની ડાળીઓ પણ તેટલી રીતે વધી ગઈ છે કે જેના કારણે ચોમાસાની શરૂઆતમાં આવતા વાવાઝોડામાં વૃક્ષ ધરાશાયી થઈ શકે તેવી શક્યતાઓ રહેલી છે. આ પરિસ્થિતિ લગભગ શહેરનો દરેક સેક્ટરમાં જોવા મળી રહી છે ત્યારે સત્વરે શહેરમાં વૃક્ષોની નકામી અને નડતરરૂપ ડાળીઓનું ટ્રીમીંગ થાય અને બંધ પડેલી સ્ટ્રીટ લાઈટોને સત્વરે રીપેર કરાવાય તે જરૂરી બન્યુ છે.

સરખેજની બસમાં બેસવા જતા મુસાફરના ખીસ્સામાંથી પાકીટ કાઢવાનો પ્રયત્ન કરતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં છેલ્લા કેટલાક સમયથી મુસાફરોના ખીસ્સા હળવા થતા હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી હતી. બસમાં બેસવા જતા મુસાફરોના ખીસ્સામાંથી પાકીટ ગણતરીના સમયમાં ગાયબ થઈ જતુ હતું. ત્યારે આજે સવારના ૧૧ વાગ્યાના અરસામાં સરખેજની બસમાં બેસવા જતા મુસાફરના ખીસ્સામાં હાથ નાંખી પાકીટ કાઢવાનો પ્રયત્ન કરતા શખ્સને મુસાફરે પકડી પાડ્યો હતો. જયારે સેકટર-૭ પોલીસ મથકે મુસાફર યુવકે અમદાવાદના રામોલના શખ્સ સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયના દાહોદ જિલ્લાનો વતની અને હાલ ગાંધીનગર સેકટર-૧૫ સાયન્સ કોલેજમાં સેમેસ્ટર-૪ માં અભ્યાસ કરતો ૨૦ વર્ષિય મેહુલ સંજયભાઈ ડામોર છેલ્લા ચાર વર્ષથી વાવોલ ખાતે આવેલા આદિજાતિ કુમાર છાત્રાલય માં રહે છે. આજે સવારના ૧૧ વાગ્યાના અરસામાં મિત્રને મળવા માટે ગોતા જવા માટે નીકળ્યો હતો. મેહુલ ડામોર પથિકાશ્રમ એસટી ડેપો ખાતે આવીને સવારના અગીયાર વાગ્યાના અરસામાં પ્લેટફોર્મ નં.૭ પરથી ઈસ્કોન જતી બસમાં બેસવા માટે જઈ રહ્યો હતો. યુવકે જીન્સ પેન્ટ પહેર્યું હતું અને પાછળના ખીસ્સામાં નાનું પાકીટ હતું,જેમાં અંદાજીત રૂ.૭૫૦ રૂપીયા હતા. બસમાં બેસવા જતા સમયે ભીડમાં ધક્કો વાગ્યો હતો. તે સમયે એક શખ્સે મેહુલ ડામોરનું પાકીટ કાઢવાનો પ્રયત્ન કરતા તે શખ્સને રંગેહાથ પકડી લીધો હતો. પાકીટ કાઢવાનો પ્રયત્ન કરતા શખ્સ પકડાતા ડેપો ખાતે મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. પોલીસે શખ્સનું નામ પુછતા આકાશ નરેન્દ્રભાઈ દુબે (ઉં.૩૨, રહે.જય શકિત સોસાયટી મકાન નં.૨૧૫ અર્બુદાનગર પંચદેવ મંદિર રામોલ અમદાવાદ હોવાનું જણાવ્યુ ંહતું. જયારે મેહુલ ડામોરે પાકીટ કાઢતા રંગેહાથ પકડી પાડેલા શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે લેખિત રજુઆત સેકટર-૭ પોલીસ મથકે કરી છે.

ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાની યુનિયન હોમ મિનિસ્ટર્સ મેડલ ફોર એક્સલન્સ ઇન ઇન્વેસ્ટિગેશન માટે પસંદગી

ગાંધીનગર, તા.૨૮

સને ૨૦૧૮ ના વર્ષમાં જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાને ભાવનગર શહેર ખાતે ૨૦૧૨ ની સાલમાં બનેલ ડબ્બલ મર્ડરના કેસમાં નમૂનેદાર પોલીસ તપાસ કરી, ટ્રાયલ દરમિયાન ભાવનગર સેસન્શ કોર્ટ દ્વારા આરોપીને આજીવન કેદની સજા કરવામાં આવતા, ગૃહ મંત્રાલય દ્વારા ૨૦૧૮ ના વર્ષ માટે યુનિયન હોમ મિનિસ્ટર્સ મેડલ ફોર એક્સલન્સ ઇન ઇન્વેસ્ટિગેશન આપી, સૌપ્રથમ સન્માનિત કારવાનું નક્કી કરવામાં આવ્યું છે. ભાવનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે વર્ષ ૨૦૧૨ માં દાખલ થયેલ ચકચારી બેવડી હત્યાના ગુન્હાની તપાસમાં ગુન્હો શોધી કાઢવા ઉપરાંત, સાયન્ટિફિક પુરાવાઓ, સાયોગિક

પુરાવાઓ, વિગેરે પુરાવાઓ આધારે તપાસ કરી, આરોપી સુધીશ દયાશંકર દ્વિવેદી ને આજીવન કેદની સજા કરાવનાર ભાવનગરના તત્કાલીન પોલીસ ઈન્સપેક્ટર અને હાલના જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાની ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા ૨૦૧૮ ના વર્ષ માટે યુનિયન હોમ મિનિસ્ટર્સ મેડલ ફોર એક્સલન્સ ઇન ઈન્વેસ્ટિગેશન માટે પસંદગી કરવામાં આવી છે.

૨૯ મે ના રોજ નડિયાદ ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે અત્યાર સુધી આ મેડલ મેળવેલ ૧૩ જેટલા પોલીસ અધિકારીઓને ગૃહ મંત્રાલય મેડલથી અલંકૃત કરવામાં આવશે.

અમદાવાદ કોંગ્રેસના મહિલા કોર્પોરેટરના દિકરાએ કેનાલમાં કુદકો મારી જીવનલીલા સંકેલી

ગાંધીનગર, તા.૨૮

અમદાવાદ નરોડા વિસ્તારમાં રહેતા અને કુબેરનગર વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર કામીની બેન ઝા ના યુવાન પુત્રનો મૃતદેહ અડાલજ નજીક કેનાલમાંથી મળી આવતા ચકચાર મચી ગઈ છે. બે દિવસ પહેલા કોર્પોરેટરનો પુત્ર ઘરેથી ગાયબ થઈ ગયો હતો, ત્યારથી તેની શોધખોળ ચાલી રહી હતી. ત્યારે બીજા દિવસે કેનાલમાંથી કોર્પોરેટરના પુત્રનો મૃતદેહ મળતા તેઓને જાણ કરવામાં આવી હતી. યુવકે કયાં કારણોસર આત્મહત્યા કરી તે અંગે ચોક્કસ કારણ જાણી શકાયું નથી. ગાંધીનગર પોલીસે સમગ્ર મુદ્દે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુબેરનગર વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર કામિનીબેન ઝા નવા નરોડા વિસ્તારમાં પરિવાર સાથે રહે છે. જયારે તેમના પરિવારમાં બે દિકરા છે.જેમાં નાનો દિકરો રાજેશ કોર્પોરેટર કામીનીબેન સાથે રહેતો હતો અને રાજેશને બે બાળકો પણ છે. બે દિવસ પહેલા રાજેશ જમીને સુઈ ગયો હતો. ત્યારબાદ બીજા દિવસે પરિવારજનોએ જોયુ તો રાજેશ ઘરમાં ન હતો. જેને પગલે પરિવારના સભ્યો દ્વારા રાજેશની શોધખોળ આદરી હતી.

જયારે મિત્રવર્તુળ દ્વારા પણ મિત્ર રાજેશની શોધવા માટે પ્રયત્ન શરુ કર્યા હતા. સગા-સંબંધીઓ અને મિત્રોના ત્યાં પણ તપાસ કરી હોવા છતા રાજેશની કોઈ ભાળ મળી ન હતી.

ખેલ મહાકુંભ અંતર્ગત ઓપન વય જૂથ ભાઈઓની રાજ્ય કક્ષાની ફેન્સીંગ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ઉપક્રમે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા માતૃશ્રી જોઈતીબા એજ્યુકેશન કેમ્પસ, ચૌધરી કોલેજ કેમ્પસ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે આઝાદીકા અમૃત મહોત્સવ અન્વયે ૧૧મા ખેલ મહાકુંભ અંતર્ગત ઓપન વય જૂથ ભાઈઓની રાજ્ય કક્ષાની ફેન્સીંગ સ્પર્ધાનું આયોજન માતૃશ્રી જોઈતીબા એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ. અંડર-૧૭ ભાઈઓની સ્પર્ધાના ઈનામ વિતરણ અને ઓપન વય જૂથ ભાઈઓની સ્પર્ધાના ઉદ્ઘાકટન પ્રસંગે ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના ઉપપ્રમુખ ઈશ્વરભાઈ રાવળ, ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના ઉપપ્રમુખ શીત્તલબેન પુવાર, ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના મહામંત્રી ભરતજી ઠાકોર, ધી સ્પોર્ટ્સ ટ્યુબ ચેનલના ઓનર રતનસિંહ, સંસ્કારધામ ખેલો ઈન્ડિયા એકેડમીના ફેન્સીંગ ચીફ કોચ દિપકસિંઘ પટીયાલ, ફેન્સીંગ હેડકોચ રોશન થાપા, સ્પર્ધાના ચીફ રેફરી અનિલ કુમાર, એસોસીએશનના સહ-મંત્રી અમરસિંહ ઠાકોર અને દ્રષ્ટીબેન પટેલ, ફેન્સીંગ કોચ કિંજલબેન ઠાકોર, યજ્ઞેશ પટેલ, સંદિપ શર્મા, આર. પ્રદિપ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ અંડર -૧૭ વય જુથની સ્પર્ધામાં ફોઈલ ભાઈઓના વિભાગમાં ખેડાના ગોહિલ મનદીપસિંહ-ગોલ્ડ મેડલ, સાબરકાંઠાના ભાટ પ્રતિક-સિલ્વર મેડલ, સુરેન્દ્રનગરના ગોહિલ યશપાલસિંહ અને સાબરકાંઠાના ભાટ સુનિલ બન્નેએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ઈપી ભાઈઓના વિભાગમાં ખેડાના પ્રજાપતિ જલ્પ-ગોલ્ડ મેડલ, સુરેન્દ્રનગરના નટ મુકેશ-સિલ્વર મેડલ, અમદાવાદના ભોય પાર્થ અને મહેસાણાના ઠાકોર નાગજી બનીએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.